# ક્રાંતિગુરૂ શ્યામજી કૃષ્ણ વર્મા કચ્છ યુનિવર્સિટી

સરનામુ :મુન્દ્રા રોડ, ભુજ–કચ્છ(૩૭૦૦૦૧)
વેબ. :kskvku.ac.in

ફોન નં. : ૦૨૮૩૨ ૨૩૭૩૦૦
ઈ–મેઈલ :registrar@kskvku.ac.in

---

રેફ.નં.: કયુ/ બી.ઓ.એમ.–મિનિટ્સ/ ૨૦૨૫/૧૩૨૩ તાઃ–૧૩/૦૮/૨૦૨૫

પ્રતિશ્રી,

બોર્ડ ઓફ મેનેજમેન્ટના સભ્યશ્રીઓ તરફ,
કચ્છ યુનિવર્સિટી, ભૂજ–કચ્છ.

વિષયઃ–બોર્ડ ઓફ મેનેજમેન્ટની તા.૧૩/૦૮/૨૦૨૫ના રોજ મળેલ મિટીગની મિનિટ્સ મોકલવા બાબત.

માનનીયશ્રી,

સવિનય ઉપરોક્ત વિષયે જણાવવાનું કે, બોર્ડ ઓફ મેનેજમેન્ટની માનનીય કુલપતિશ્રીના અધ્યક્ષ સ્થાને તા.૧૩/૦૮/૨૦૨૫ના રોજ ૧૧:૦૦ કલાકે યુનિવર્સિટી કાર્યાલય ખાતે મળેલ મિટીગની મિનિટ્સ આ સાથે સામેલ રાખી મોકલી આપવામાં આવે છે. જે આપના ધ્યાને લેવા વિનંતી.

આભાર સહ

કુલસચિવ

બિડાણ :– મિટીગની મિનિટ્સ

નકલ રવાના :–

૧. સંબંધિત વિભાગો તરફ યોગ્ય કાર્યવાહિ અર્થે.
૨. સંબંધિત ફાઈલે.

# ક્રાંતિગુરૂ શ્યામજી કૃષ્ણ વર્મા કચ્છ યુનિવર્સિટી

સરનામુ :મુન્દ્રા રોડ, ભુજ–કચ્છ(૩૭૦૦૦૧) ફોન નં. : ૦૨૮૩૨ ૨૩૭૩૦૦
વેબ. :kskvku.ac.in ઈ–મેઈલ :registrar@kskvku.ac.in

બોર્ડ ઓફ મેનેજમેન્ટની તા.૧૩/૦૮/૨૦૨૫ના રોજ ૧૧:૦૦ કલાકે યુનિવર્સિટી કાર્યાલય ખાતે મળેલ મિટીગની મિનિટ્સ નોંધ

આજ રોજ તા.૧૩/૦૮/૨૦૨૫ના સવારે ૧૧ : ૦૦ કલાકે યુનિવર્સિટી કાર્યાલય ખાતે માનનીય કુલપતિશ્રીની અધ્યક્ષતામાં મળેલ જેમાં નીચે મુજબના સભ્યશ્રીઓ હાજર રહેલ હતા.

| ક્રમ | સભ્યશ્રીનું નામ | હોદ્દો | હાજર/ ગેર હાજર |
|---|---|---|---|
| ૧. | ડો. ડી.એમ. બકરાણીયા<br>કા. કુલપતિશ્રી<br>કચ્છ યુનિવર્સિટી, ભૂજ. | અધ્યક્ષશ્રી | હાજર |
| ૨. | ડૉ. મનોજભાઈ સોલંકી<br>પ્રતિષ્ઠિત વ્યકિતશ્રી<br>શ્રી રામકિષ્ણ ટ્રસ્ટ, કુકમા – કચ્છ | સભ્યશ્રી | હાજર |
| ૩. | પ્રો.(ડૉ) પી. એસ. હિરાણી<br>અધ્યક્ષશ્રી,ડિપાર્ટમેન્ટ ઓફ કોમર્સ એન્ડ મેનેજમેન્ટ,કચ્છ યુનિવર્સિટી, ભૂજ. | સભ્યશ્રી | હાજર |
| ૪. | પ્રો.(ડૉ) ડી. એમ. બકરાણીયા<br>ડીનશ્રી, ફેકલ્ટી ઓફ એજયુકેશન,<br>કચ્છ યુનિવર્સિટી, ભૂજ. | સભ્યશ્રી | હાજર |
| ૫. | ડૉ. કલ્પનાબેન સતીજા<br>ડીનશ્રી, ફેકલ્ટી ઓફ આર્ટ્સ<br>કચ્છ યુનિવર્સિટી, ભૂજ. | સભ્યશ્રી | હાજર |
| ૬. | ખાલી<br>..............................<br>સંલગ્ન કોલેજના ડિપાર્ટમેન્ટ અધ્યક્ષશ્રી | સભ્યશ્રી | ખાલી |
| ૭. | ડૉ. પંકજ ઠાકર<br>આસી. પ્રોફેસરશ્રી,ડિપાર્ટમેન્ટ ઓફ સંસ્કૃત,<br>કચ્છ યુનિવર્સિટી, ભૂજ | સભ્યશ્રી | હાજર |
| ૮. | ડૉ. મનીષાબેન બારડ<br>આસી. પ્રોફેસરશ્રી,ડિપાર્ટમેન્ટ ઓફ કોમર્સ એન્ડ મેનેજમેન્ટ, કચ્છ યુનિવર્સિટી, ભૂજ | સભ્યશ્રી | હાજર |
| ૯. | ખાલી<br>..............................<br>સંલગ્ન કોલેજના અધ્યાપકશ્રી | સભ્યશ્રી | ખાલી |

| | | | |
|---|---|---|---|
| ૧૦. | ખાલી<br>..............................<br>સંલગ્ન કોલેજના અધ્યાપકશ્રી | સભ્યશ્રી | ખાલી |
| ૧૧. | શ્રી કેસરાભાઈ આર. પિંડોરીયા<br>ટ્રસ્ટીશ્રી, | સભ્યશ્રી | હાજર |
| ૧૨. | શ્રી કિરણભાઈ બી. આહિર<br>ટ્રસ્ટીશ્રી, | સભ્યશ્રી | હાજર<br>ઓનલાઈન |
| ૧૩. | શ્રી રામભાઈ ગઢવી<br>નોંધાયેલ સ્નાતક | સભ્યશ્રી | હાજર |
| ૧૪. | શ્રી કાન્તાબેન સોલંકી<br>નોંધાયેલ સ્નાતક | સભ્યશ્રી | હાજર |
| ૧૫. | પ્રો. (ડાં.) વિજય વ્યાસ<br>એકેડમિક કાઉન્સિલના સભ્યશ્રી | સભ્યશ્રી | હાજર |
| ૧૬. | ડાં. સી. એસ. ઝાલા<br>એકેડમિક કાઉન્સિલના સભ્યશ્રી | સભ્યશ્રી | હાજર |
| ૧૭. | પ્રો. (ડાં.) મહેશ ઠક્કર<br>ડાયરેક્ટરશ્રી,<br>બી.એસ.આઈ.પી. (લખનઉ) | સભ્યશ્રી | ગેર હાજર |
| ૧૮. | ડાં. અનિલ ગોર<br>કુલસચિવ<br>કચ્છ યુનિવર્સિટી, ભૂજ. | મેમ્બર<br>સેક્રેટરીશ્રી | હાજર |
| ૧૯ | ડાં. મોહનભાઈ પટેલ<br>માનનીય કુલપતિશ્રી,<br>કચ્છ યુનિવર્સિટી, ભૂજ. | | ગેર હાજર |

કાર્યસૂચી :–

૧. શિક્ષણ વિભાગ, ગુજરાત રાજય દ્વારા કચ્છ યુનિવર્સિટીએ કરેલ આસી. રજીસ્ટ્રાર અને સેકશન ઓફિસરની ભરતી પ્રક્રિયા રદ કરેલ છે. તેવો પત્ર તા.૦૭/૦૮/૨૦૨૫ના રોજ સાંજે મળેલ છે. શિ.વિ.ના પત્ર મુજબ ભરતી પ્રક્રિયામાં નિયુક્ત પામેલ પાંચ કર્મચારીઓને છુટા કરવાના થાય. આ મુદ્દે નિર્ણય લેવા બાબત..

આમુખ : શિક્ષણ વિભાગનાં પત્ર ક્રમાંકઃ ED/KUU/e-file/3/2024/4424/KH-2 તા. ૦૬/૦૮/૨૦૨૫ અન્વયે યુનિવર્સિટીને નિયમાનુસાર કાર્યવાહી કરવા જણાવવામાં આવેલ છે. જેના અનુસંધાને માન.કુલપતિશ્રી દ્વારા તા.૧૨/૦૮/૨૦૨૫ના રોજ એક્ઝિક્યુટીવ કાઉન્સીલની અસાધારણ મીટીગ બોલાવવાનું નકકી થતાં એક્ઝિક્યુટીવ કાઉન્સીલની અસાધારણ બેઠક તા.૧૨/૦૮/૨૦૨૫ ના રોજ મળેલ. જેમાં નીચે મુજબનો ઠરાવ સર્વાનુમતે પસાર કરવામાં આવેલ છે.

"ઠરાવઃ સભાની કાર્યવાહીની શરૂઆતમાં યુનિવર્સિટીના માન. કુલપતિશ્રી ડો. મોહન પટેલે પોતાનો સ્પષ્ટ અભિપ્રાય આપતા સરકારશ્રીના આદેશનું શબ્દસહ પાલન કરવા અને તા.૧૩/૦૮/૨૦૨૫ના સવારે ૧૧:૦૦ કલાકે મળનાર બોર્ડ ઓફ મેનેજમેન્ટની મિટિંગમાં મંજૂર થયે થી સદર ભરતીના પાંચેય કર્મચારીઓને તાત્કાલીક અસરથી છુટા કરવાનો આથી ઠરાવ કરવામાં આવે તેવું જણાવેલ. ઉપરોકત બાબતને હાજર રહેલ સૌ સભ્યોએ સમર્થન આપતા સરકારશ્રીના આદેશનું ચુસ્તપણે

પાલન કરવા અને સદર કર્મચારીઓને છુટા કરવા માટે આગળની કાર્યવાહી કરવાનું સર્વાનુમતે ઠરાવેલ. વધુમાં માન. કુલપતિશ્રી ડો. મોહન પટેલના સૂચન અનુસાર ઉપરોકત સંદર્ભમાં પત્ર લખીને ઉપરોકત નિર્ણય પહેલા જો યુનિવર્સિટીને સાંભળવામાં આવ્યા હોત તો વધારે ન્યાય સંગત લાગત એવું જણાવ્યું હતું. જેને ઉપસ્થિત સૌ સભ્યોએ બોર્ડ ઓફ મેનેજમેન્ટમાં મુકવા સહમતી આપી હતી."

નામદાર હાઈકોર્ટના હુકમ ક્રમાંકઃ SCA/25816/2025 તા. ૧૨/૦૮/૨૦૨૫ યુનિવર્સિને ઈ–મેઈલ દ્વારા મોકલવામાં આવેલ, જે યુનિવર્સિટીને તા.૧૩/૦૮/૨૦૨૫ ના રોજ સવારે ૯:૦૦ કલાકે જાણ થયેલ. બોર્ડ ઓફ મેનેજમેન્ટની આજ રોજ તા.૧૩/૦૮/૨૦૨૫ના રોજ સવારે ૧૧:૦૦ કલાકે યુનિવર્સિટી કાર્યાલય ખાતે મળેલ અસાધારણ સભામાં કુલ–૧૫ સભ્યો માંથી ૧૨ સભ્યો હાજર રહયા. મીટીગમાં કુલસચિવશ્રી દ્વારા સૌ સભ્યોને એકિઝકયુટીવ કાઉન્સીલનો ઠરાવ તથા નામદાર હાઈકોર્ટના હુકમ સંદર્ભે જણાવવામાં આવ્યું. ચર્ચા વિચારણાને અંતે નીચે મુજબનો નિર્ણય સર્વાનુમતે કરવામાં આવેલ છે.

ઠરાવ નં.૧ — નામદાર ગુજરાત હાઈકોર્ટના તા.૧૨/૦૮/૨૦૨૫ના પત્ર ક્રમાંકઃ SCA/25816/2025 મુજબ શિક્ષણ વિભાગનાં તા.૦૬/૦૮/૨૦૨૫નાં પત્ર ક્રમાંક: ED/KUU/e-file/3/2024/4424/KH-2 ના અમલની કાર્યવાહી તા.૨૫/૦૮/૨૦૨૫ સુધી સ્થગિત રાખવાનું જણાવવામાં આવેલ છે. જેથી આ બેઠકમાં શિક્ષણ વિભાગ, ગુજરાત સરકારશ્રીના ઉપરોકત પત્ર તેમજ એકિઝકયુટીવ કાઉન્સીલ દ્વારા તા.૧૨/૦૮/૨૦૨૫ ના રોજ કરવામાં આવેલ ઠરાવ નં.૦૧ અન્વયે કરવાની થતી કાર્યવાહી પણ હાલ તુરંત સ્થગિત રાખવાનું સર્વાનુમતે ઠરાવવામાં આવેલ છે. તથા આગળની કાર્યવાહી માટે સરકારશ્રીનું માર્ગદર્શન મેળવવાનું ઠરાવવામાં આવેલ છે.

અન્ય કોઈ મુદ્દા ઉપસ્થિત ન થતાં અધ્યક્ષશ્રીના આભાર સાથે મિટીગ પૂર્ણ જાહેર કરવામાં આવી.

કુલસચિવ